# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

ગાતા'તા ગાન સંસ્કૃતિનાં એ જાતા રહ્યા છે ક્યાં?
સામાજિક વડીલો ને માતા-પિતા રહ્યા છે ક્યાં?
ખાતા-પીતાં રહ્યાં છે લાશ પર શરમ વિના -
ભાઇ-ભાઇ, કે પિતા-પુત્રીના નાતા રહ્યા છે ક્યાં?
(ચૂંટણીમાં ચૂંથાયા સામાજિક સંબંધો)

### હાઇકુ

કરે ચિંટીંગ!
છતાં ય મળી જાય -
છે ક્લીનચીટ!

ગોબેલ્સ જૂઠ્ઠે
થઇ જાય કૂતરું -
બકરું પણ..

## ચિંતન

*સંપૂર્ણ કુંભો ન કરોતિ શબ્બ મર્ધો ઘટો ઘોષમુપૈતિ નૂનમ્ ।*
*વિદ્વાન કુલીનો ન કરોતિ ગર્વ, ગુણૈ વિંહીના બહુ જલ્પ યન્તિ ॥*

સુભાષિત રત્ન ભાંડાગાર ના 'સામાન્યનીતિ' નામના બીજા પ્રકરણનો આ શ્લોક સાચા સંત-સજ્જન-વિદ્વાનની ઓળખ આપતાં કહે છે :

'ભરેલો ઘડો અવાજ કરતો નથી, પણ અધુરો ઘડો અવાજ તો કરે જ છે અને છલકાતો રહે છે વિદ્વાન-કુલીન-સજ્જન સંત કદી ગર્વ-અભિમાન મદમાં 'મેં કર્યું - મેં કર્યું' કહી એવા બણગાં ફૂંકતો નથી. પણ મૂર્ખ-અભિમાની માણસો જ પોતાના કામના બણગા સાથે ખૂબ જ બડબડાટ કરે છે.'

સાચા 'લોકસેવક' મૌન રહી લોકસેવાનું પોતાનાથી થાય એટલું અને એવું કામ કર્યા જ કરે છે 'આ મેં કર્યું' ના નગારાં પીટતા નથી કે કામ કરવા બદલ માન-અકરામ, સત્તા-પદની કોઇ પણ જાતની અપેક્ષા પણ રાખતા નથી પોતે કરેલાં કાર્યની કોઇ નોંધ લે એવું પણ ઇચ્છતા નથી.

આજના નેતા જેમની નજર ખાયકી અને કૌભાંડો પર જ હોય છે એ કામ કરતા તો કંઇ કરતા નથી પણ બોલે છે બહુ-અધુરા ઘડા છે. અભિમાની અને મૂર્ખ છે.

## સુવિચાર

- સફળ લગ્ન એ એક એવી ઇમારત છે... જેને રોજે રોજ નવેસરથી ચણવી પડે છે - *મુનિ ભાનુચંદ્રજી*
- દીકરીઓને આપણે ચાહીએ છીએ.. એ જેવી છે તેના માટે.. દીકરાઓને ચાહીએ છીએ તે જેવા બનવાના છે તેને માટે - *એસ. ભટ્ટાચાર્ય*
- જીવનમાં કેટલી બધી સુંદર વસ્તુઓ આપણને થોકબંધ મળી છે, ગુલાબ, તારાઓ, સુર્યાસ્તો પણ દુનિયા આખીમાં માતા તો એક જ હોય છે - *બર્નાર્ડ શો*
- નિયમ રાખવો એ સારૂ છે.. પણ એ નિયમ માત્ર સાધનરૂપે જ હોવો જોઇએ, નિયમોની અધિકતા એટલી બધી ન હોવી જોઇએ કે તેનો મૂળ ધ્યેય જ ગાયબ થઇ જાય- *રમણ મહર્ષિ*
- સમય જતાં મંત્ર-જપ તમને મંત્રમય બનાવી દે છે, તમે જેનું નામ જપો છો તે થઇ જાઓ છો - *પૂજ્ય મોટા*
- સાધના એટલી કરો કે આનંદ અને ભય ઓગળી જાય, બધાં જ દ્વન્દ્વો શમી જાય, અને જે કંઇ બને તે અનુભવો પણ ત્યાં સ્થગિત ન થઇ જાઓ - *ફાધર વાલેસ*
- તમે તમારી આનંદમયી દશાથી અજાણ છો, તમારું અજ્ઞાન પરમાનંદરૂપી શુદ્ધ આત્મા ઉપર આવરણ ઊભું કરે છે, એ અજ્ઞાનરૂપી પડદો નાથ કરવાનો પ્રયત્ન સતત થવો જોઇએ - *શ્રી શ્રી રવિશંકર*

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

આજના સત્તાધીશો જડ અને કાયદાના કૂવાનાં દેડકાં જેવા છે એમની નજર પ્રજાના કામ કરવા કરતાં મલાઇ પર વધારે હોય છે સરકારી ફરજ-કર્તવ્ય-કાયદો બરાબર છે જ પણ સાથે પ્રેમ-લાગણી-મમતા ભરી દૃષ્ટિ હોવી જરૂરી છે.

એક યુદ્ધની પૂર્ણાહૂતિ પછી સૈનિકો વતન પરત ફરતા હતા. નેવીના બ્રિગેડીયર જહાજના દ્વાર પાસે જહાજને રવાના કરવાનું સિગ્નલ આપવાની તૈયારીમાં જ હતા. ત્યાં ખભે કીટ નાખી, એક નેવી સૈનિક દોડતો દોડતો હાથ જોડતો આવ્યો અને કીપરને કહ્યું મારી પાસે ટિકીટ નથી પણ મારે વતન તરત પહોંચવું પડે તેમ છે મારી મા મરણ પથારીએ છે મને એક સીટ આપો!

ડોરકીપરે કહ્યું હું દિલગીર છું હવે એક પણ સીટ બાકી નથી. તમે આવતા સપ્તાહે બીજા જહાજમાં જ જઇ શકશો. સૈનિકની આંખમાંથી આંસુ સરી પડ્યાં. કાકલૂદી ભરી દૃષ્ટિતી એણે માત્ર બ્રિગેડિયર સામે જોયું.

બ્રિગેડિયરે ડોરકીપરને સૂચના આપી, મારી સીટ આ પુત્રને આપી દો, મને ઉતાવળ નથી.. અને સૈનિકે બ્રિગેડિયરના ચરણ સ્પર્શ કર્યા...

.. આ બ્રિગેડિયર આગળ જતાં 'રૂઝવેલ્ટ' અમેરિકાના પ્રમુખ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com


# બીજા લોકો ગુનો કરતાં અટકે તેવા આશયથી કરવામાં આવતી મૃત્યુદંડની સજા તે ગરીબી દૂર કરવા દાનની પ્રથા જેટલી જ મૂળભૂત રીતે ખોટી છે

***મૃત્યુદંડ***

બીજા લોકો ગુનો કરતાં અટકે તેવા આશયથી કરવામાં આવતી મૃત્યુદંડની સજા તે ગરીબી દૂર કરવા દાનની પ્રથા જેટલી જ મૂળભૂત રીતે ખોટી છે.

વર્ષ ૨૦૧૨માં જ જગતના ૨૧ રાષ્ટ્રોમાં કુલ ૬૮૨ ગુનેગારોને મૃત્યુદંડની સજા ફટકારી દેવામાં આવી.

મૃત્યુદંડની સજાના ખરેખરા વાસ્તવિક અમલની આંકડાવારી સાથેને એમનેસ્ટી ઇન્ટરનેશનલનો આધારભૂત અહેવાલ : ૨૦૧૨ની સાલમાં ઇરાનમાં સૌથી વધુ ૩૧૪, ઇરાકમાં ૧૨૯ પ્લસ, સાઉદી અરેબિયામાં ૭૯ પ્લસ, અમેરિકામાં ૪૩, અમન, સુદાન, અફઘાનિસ્તાનમાં ૧૦-૧૦ ગુનેગારોને મૃત્યુદંડ આપીને ઉપર મોકલી દેવામાં આવ્યા : ૨૦૧૩ના આંકડાઓ હજી આવવાના બાકી છે ?



તાજેતરમાં બળાત્કારના ગુના સબબ આરોપીઓને અદાલત દ્વારા ફાંસીની સજા કરવામાં આવી તે પછી ફાંસીની સજા કે મૃત્યુદંડ વિશે અનેકવિદ પ્રતિભાવો, પ્રતિક્રિયાઓ અને મંતવ્ય-વિચાર પ્રકટ થવા માંડ્યા છે. ત્યારે આ ફાંસી કે મૃત્યુદંડની સજા પાછળની મૂળ વિચારણા અને ભૂતકાળમાં વિશ્વના વિવિધ રાષ્ટ્રો દ્વારા અપનાવાયેલી ફાંસીની સજાના અમલની વિવિધ પદ્ધતિઓ વિશે વિચારણા કરવાનું હાલના આપણાં દેશના સામાજિક - રાજકીય સંજોગોમાં પ્રસ્તુત થઇ પડશે. 'આનંદ ઉપવન' સામાયિક દ્વારા આવો ઉપક્રમ રચવામાં આવ્યો છે, જેથી વધુ ને વધુ લોકો 'ફાંસીની સજા વિશે પોતાપોતાના અંગત ગમા-અણગમા, પ્રતિભાવ, પ્રતિક્રિયા અને મુક્ત વિચારો રજૂ કરી શકે. વાચકોના આવા પ્રતિભાવોનું પણ સહર્ષ સ્વાગત કરતા 'આનંદ ઉપવન' ને આનંદ થશે!

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

વિવાદાસ્પદ મૃત્યુદંડ વિશે મુંબઈથી પ્રકાશિત થતા 'આનંદ-ઉપવન'માં પ્રકાશિત સામગ્રી 'ગાંધીનગર સમાચાર'ના વાચકો માટે સાદર કરું છું. જીવનથી મોંઘી કોઈ જણસ ખરી? એ જ જીવન હણનારનું જીવન હણવાથી હણાયેલી જિંદગી થોડી પાછી મળે? દુનિયાભરમાં મૃત્યુદંડ વિશે ગહન ચર્ચા ચાલી રહી છે. 'બુદ્ધનાં ચક્ષુ' કાવ્યની પેલી યાદગાર પંક્તિઓ ટાંકુ છું :

હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગતનાં,
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી...

-સુંદરમ્

***● મૃત્યુદંડ અંગેની સૌથી જૂની કાનૂની આચારસંહિતા કે દંડસહિતા!***

જગતનાં વિવિધ લખાયેલાં માનવજાત સંબંધી ઇતિહાસોમાં મૃત્યુદંડની સજા અંગે। અનેક ઉલ્લેખો થયેલાં જોવા મળે છે. આમાં મૂળ કાનૂની સિદ્ધાંત 'લેક્સ ટેલિઓનીસ'નો છે. આ શબ્દ લેક્સ ટેલિઓનીસનો અર્થ થાય છે, એક આંખ સાટે એક આંખ, એક દાંત સામે બીજો દાંત! જીવની સાટે જીવ લઇ લેવો તે! આ અર્થ સાથેનો સમગ્ર મૃત્યુદંડ વિશેનો ઉલ્લેખ બેબીલોનીઅન રાજા હમુરબ્બીની ૧૮મી સદીની બીસીઇ આચાર અને સંહિતાઓમાં થયેલો છે. આ અગાઉ સાતમી સદીની બીસીઇની, એથેન્સ ડ્રેકોનિયન કોડમાં, પાંચમી સદીની બીસીઇ રોમન કાનૂન અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ મૃત્યુદંડની સજાનો ઉલ્લેખ, જોગવાઇ કે સ્પષ્ટતા થયેલી જોવા મળે છે. તમામ કાનૂની દંડ સંહિતાઓમાં ફાંસી કે મૃત્યુદંડની સજાઓની જોગવાઇ થયેલી જોવા મળે છે. જો કે, મૃત્યુદંડની સજાનો અમલ કરવામાં આવતી હોવાનું પણ જાણવા મળે છે. આવી પદ્ધતિઓમાં ક્રોસ પર ગુનેગારને ચઢાવીને તેની છાતી સહિતના શારીરિક ભાગોમાં ખીલાંઓ ભોંકી દેવા, ગુનેગારને ડુબાડીને મારી નાખવો, માર મારતા મારતા મૃત્યુ સુધી પહોંચાડવો, મૃત્યુ પર્યન્ત પથ્થરો મારવા, જીવતા સળગાવી દેવો, શૂળીએ ચઢાવવો કે ભાલા ભોંકીને મોત નીપજાવવું, ફાંસીના માંચડે દોરીના ગાળિયામાં લટકાવી દેવો સહિતની અનેકવિધ પદ્ધતિઓ અમલમાં મૂકવામાં આવતી હતી.

***● કેટલાં રાષ્ટ્રો મૃત્યુદંડની સજા આપે છે?***

માનવ અધિકારો માટે લડત ચલાવતી બિનસરકારી સંસ્થા એમેન્સ્ટી ઇન્ટરનેશનલના જણાવ્યા પ્રમાણે ૨૦૧૨ની સાલમાં વિશ્વના કુલ ૨૧ રાષ્ટ્રોમાં કુલ મળીને ૬૮૨ વ્યક્તિઓને મૃત્યુદંડની સજા આપી દેવાઇ હતી. અર્થાત્ ૬૮૨ ગુનેગારોને માટે મૃત્યુદંડ અમલમાં મૂકી દેવામાં આવ્યો હતો. આમાં સૌથી વધુ ૩૧૪ વ્યક્તિઓને મૃત્યુદંડ આપીને ઇરાને મૃત્યુદંડ આપવાની બાબતે જગતનું નેતૃત્વ કર્યું હતું. એ પછીના ક્રમે ઇરાનમાં ૧૨૯થી યે વધુ ગુનેગારોને, સાઉદી અરેબિયામાં ૭૯ થી એ વધુ ગુનેગારને મૃત્યુદંડ અપાયા હતા. અમેરિકાએ ૪૮ વ્યક્તિઓને અદાલતી ન્યાયી પ્રક્રિયા અનુસાર મૃત્યુદંડ અમલી બનાવ્યા હતા. સુદાન અને અફઘાનિસ્તાન આ દરેક રાષ્ટ્રે દસ-દસથી યે વધુ ગુનેગારોને મૃત્યુદંડો ફટકારી દીધાં હતા. જો કે, મૃત્યુદંડ અપાયાના આ વિશ્વભરના આંકડાઓમાં ચીનનો સમાવેશ કરાયો નથી, પરંતુ ચીને પણ ૨૦૧૨ની સાલમાં હજારો ગુનેગારોને મૃત્યુદંડ આપી દીધાં હોવાનું મનાય છે. મૃત્યુદંડની સજાને બેલારસ, ચીન, મોન્ઝાલિયા, અને વિયેટનામમાં 'રાષ્ટ્રીય ગુપ્તતા' ના વર્ગીકરણ હેઠળ આવરી લેવામાં આવેલ છે. અર્થાત્ આ રાષ્ટ્રો કેટલાં ગુનેગારોને અને કોને કોને મૃત્યુદંડો અપાયા તે અંગેની કોઇ જાહેરાત કરતા નથી. આથી આ રાષ્ટ્રોમાં અપાયેલાં મૃત્યુદંડની માહિતી અને આંકડાઓ ઉપલબ્ધ થતાં નથી. એ જ પ્રમાણે બેલાઇઝ, ઇજિપ્ત, ઇરિટ્રીયા, લિબિયા, મલેશિયા, ઉત્તર કોરિયા અને સુનિનામમાં અપાતા કે અપાયેલાં મૃત્યુદંડની બહુ ઓછી માહિતી જ મળે છે. તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં જગતભરનાં રાષ્ટ્રોમાં કુલ ૨૩, ૩૮૬ લોકો કે ગુનેગારો ફાંસી કે મૃત્યુદંડની સજા હેઠળ સજાના અમલની પ્રતિક્ષામાં હતા. આ મૃત્યુદંડની સજાના અમલની અન્ય કેટલીક પદ્ધતિઓમાં શિરચ્છેદ, ફાંસીના દોરડે લટકાવી દેવાની, પ્રાણઘાયક ઇર્જેક્શન આપી દેવું અને ગોળીએથી ઠાર મારવાનો સમાવેશ થયો હતો.

***● દયાની અરજીમાં ભારતનાં રાષ્ટ્રપતિનું કેટલું ચાલે?***

સર્વ સાધારણ માન્યતા એવી છે કે દયાની અરજી રાષ્ટ્રપતિ મંજૂર કે નામંજૂર કરે છે, પણ આ પૂર્ણ સત્ય નથી. ભારતીય બંધારણ રાષ્ટ્રપતિને અંગત અધિકાર આ બાબતમાં આપતું નથી. બંધારણ નિષ્ણાતો મુજબ દયાની અરજી પર એકલ અધિકાર નહીં પણ મંત્રીમંડળની સલાહ પણ ચાલવાનો સામૂહિક અધિકાર રાષ્ટ્રપતિને આપે છે.

બંધારણની કલમ ૭૨ દયાનો અધિકાર રાષ્ટ્રપતિને આપે છે. બંધારણની કલમ ૫૩ કહે છે કે રાષ્ટ્રપતિ સીધી રીતે અથવા તેમનાં હાથ નીચેનાં અધિકારીઓ વડે બંધારણને અનુસરી નિર્ણય લઇ શકે છે પણ કલમ ૭૪ કહે છે કે રાષ્ટ્રપતિએ વડા પ્રધાનનાં વડપણ હેઠળના મંત્રીમંડળની સલાહને અનુસરીને તે પ્રમાણે નિર્ણય કરવા.

'રાષ્ટ્રપતિને ફેરનિર્ણય કરવા મંત્રીમંડળની જરૂર પડે. સામાન્ય રીતે અથવા અન્ય રીતે રાષ્ટ્રપતિ ફેરવિચાર પછી અપાયેલી સલાહ પ્રમાણે વર્તશે.' આમ રાષ્ટ્રપતિ પાસે મંત્રીમંડળની સલાહને અનુસરવા સિવાય વધુ જગા રહેતી નથી.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*


# સચ્ચરિત્રોની ચિત્ર વિથિકા જેવું પુસ્તક 'સંત સ્મરણ'

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આમ તો ભારત ભૂમિ અનેક મહાપુરૂષોની કર્મભૂમિ રહી છે અને આધ્યાત્મિક ક્ષેત્રે સમગ્ર વિશ્વને પથદર્શક એવું આપણું જ્ઞાન રહ્યુ ંછે અને એવી આપણી સંસ્કૃતિ સભ્યતા રહી છે. આપણે આધ્યાત્મિક વારસો બેનમૂન છે. આ દેશમાં અનેક ઋષિઓ, મુનિઓ, સંતો, મહાત્માઓ, ભક્તો થયા છે. જેમણે માનવજાતના કલ્યાણ માટે પોતાના જ્ઞાનની સરવાણી વહેવડાવી છે.

મારે આજે તમને એવા જ એક પુસ્તકની વાત કરવી છે જે જનમાનસના સંસ્કારો ઘડવામાં ખુબ જ ઉપયોગી નીવડે તેવું છે. કારણ કે આ પુસ્તકમાંથી પસાર થતાં આપણે અનુભવી શકીએ છીએ કે અહીં સંતકમ્પ નરસિંહ મહેતા, મીરાંબાઇ, કબીર, રવિદાસ, નાનક, તુલસીદાસ, સંત તુકારામ, ભાણ સાહેબ, રવિ સાહેબ, ખીમ સાહેબ, ત્રિકમ સાહેબની સાથે કચ્છના મહાન સંત મેકરણદાદા, સવૈયાનાથ, સંત દેવીદાસ, સતી તોરલ, મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રીમદ્ રાજચંદ્ર, અરવિંદ, સંત વિનોબા, સ્વામી રવિશંકર મહારાજ, રંગ અવધૂત મહારાજ, સ્વામી ચિંદાનંદજી, સ્વામી મંગલાનંદજી, મુનિશ્રી ભાનુ વિજયજી મહારાજ, સતિ શ્રી આત્મનંદજી, મોરારિ બાપુ, સ્વામી સચ્ચિદાનંદ જેવા સંતો મહાત્માઓ અને મહાપુરૂષોની જીવન અને કાર્યો વિષેના સુંદર લેખોનું ક્રમાનુસાર સરસ સંકલન કરવામાં આવ્યું છે.




નરસિંહ-મીરાથી મોરારિ બાપુ સુધીના સંતો ભક્તો અને સદાવ્રતના ભેખધારીઓનો 'સંત - સ્મરણ' રૂપે પરિચય કરાવનાર આ પુસ્તકની પ્રસ્તાવના દોલત ભટ્ટે લખી છે. તેમાં તેઓ જણાવે છે કે - 'આપણા ગુજરાતના પ્રાચીન પુણ્ય પ્રદેશમાં શ્રીકૃષ્ણના આગમનથી દ્વારામતી, પ્રથમ જ્યોર્તિલીંગ એવું સોમનાથ, ગિરનાર, સિદ્ધાચલ અને બરડાની ગિરિકંદરાઓ આ સ્થાનો એ ભક્ત અને સંત પરંપરા પાળી છે પોષી છે. તેમાંથી પ્રગટ થયેલી સંતવાણીની સરવાણીને બહુ નજીકથી ઓળખવાનો પ્રયાસ લેખકે કર્યો છે.'

તેથી જ પ્રા. ડો. રશ્મિકાંત મહેતા લખે છે કે લેખકમાં એક સંનિષ્ઠ સંશોધકની નિષ્ઠા છે. સંશોધન અને નિરીક્ષક વિવેક, આ પુસ્તકમાં નરસિંહ મહેતાથી મોરારિ બાપુ સુધી સંતોના એકદમ પ્રેરણાદાયી અને આસ્વાદનીય ચચ્ચરિત્ર છે. અહીં જળવાયેલો ક્રમ પણ ઐતિહાસિક પુસ્તકના કેન્દ્રમાં મનુષ્ય - ઉર્ધ્વગતિને પામેલો સંતના વિશેષણથી શોભી ઉઠે એવો મનુષ્ય પછી તે પુરૂષ પણ હોય અને સ્ત્રી પણ હોય કે અન્ય કોઇ વર્ગનો હોય, લેખકની પસંદગીની દૃષ્ટિ સર્વાશ્લેષી છે. સર્વ કોઇને આવરી લે તેવી વૈવિધ્યવન્તી છે. અહીં કવિ છે. ભજનિક છે. લોકગાયક છે. ધર્મપુરૂષ છે. સંપ્રદાય આચાર્ય છે. સ્ત્રી હોય તો રાજરાણી પણ હોય, વર્ણોમાં ઉચ્ચવર્ગ હોય અને અસવર્ણ હોય તો વણકર પણ હોયઅને ચર્મકાર પણ હોય, સંપ્રદાય હોય તો હિન્દુ હોય તો શિખ પણ હોય, જૈન હોય, રવિભાણ હોય, પ્રદેશની રીતે કોઇ આંતરરાષ્ટ્રીય કક્ષાના હોય, કોઇ ભારત વિખ્યાત હોય અને ગુજરાતના તો ખૂણેખૂણેથી હોય, કચ્છ, મહેસાણા, સૌરાષ્ટ્ર - લેખકે સચ્ચરિત માટે પસંદ કરેલા સંતોમાં પાર વગરનું વૈવિધ્ય છે.

અહીં નાના નાના વ્યક્તિ ચિત્રોમાં લેખક સંતોના જીવનની શ્રદ્ધેય વિગતો આપે છે અને એમનાં પ્રદાન તરફ અંગુલી નિર્દેશ કરે છે. પછી તે પ્રદાન સાહિત્યના ક્ષેત્રના હોય. સંગીતમાં હોય, સમાજ સુધારણામાં હોય કો ધર્મો અને તેમનાં સંપ્રદાયોનાં ક્ષેત્રમાં હોય એ રીતે જોઇએ તો આ સચ્ચરિત્રોની ચિત્ર વિથિકા છે.

ઇશ્વરી તત્ત્વને સમજવું અને તેની અનુભૂતિને આંબવી તે ભિન્ન બાબત છે. અહીં અપાયેલ સંતો ભક્તોના જીવન બાબત છે. અહીં અપાયેલ સંતો ભક્તોના જીવન ચરિત્રો, સુત્ર્મતાના સ્પર્શની નજીક લઇ જવાનો શબ્દ સાધકનો પ્રશંસનીય પ્રયાસ છે. જેથી તે સંત સાહિત્યમાં સ્થાન પામે છે. આ ચરિત્રો દ્વારા તેમણે આત્મસાન અને ભાગવત પ્રેમ તરફ પ્રેરી જતી આસત સ્મરણ યાત્રા કંઇક વિશિષ્ટ બની છે. લેખકે અહીં આપણને જીવન આપણા હાથમાં હોવું અને જીવનના હાથમાં આપણું હોવું એના ભેદભરમ ભાંગતી વાણીને અહીં પ્રસ્તુત કરી છે. તમામ સંતો ભક્તોની વાણીનો છેલ્લો મુકામ એક જ છે. તેના કેડીઓ ભિન્ન ભિન્ન છે. તે પણ આ પુસ્તકમાંથી પસાર થતાં ફલિત થાય છે.

આ પુસ્તકમાં આપણા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર ભાઇ મોદી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઇ ત્રિવેદી, ભજનિક હેમંત ચૌહાણ, ગાાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા જેવા મહાનુભાવોનાં શુભેચ્છા સંદેશો લેવામાં આવ્યા છે.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*


# આ કર્મઠ શિક્ષક એકવાર મનમાં ગાંઠ વાળી લે અને એ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી પાછું વળીને જુવે નહી...

## 'મોતી' જેવા માણસ મોતીભાઈ દેસાઈ
## શબ્દચિત્ર

-ભીખુ કવિ

સફેદ ઝભ્ભો, સફેદ ધોતી, સફેદ ટોપીને પગમાં કાળા બૂટ અને છ ફૂટની આસપાસ ઊંચાઈ ધરાવતા, કદાવર દેહથી ઓપતા કંઈક આશાઓને સાકાર કરી આગવી ઓળખ ઊભી કરનાર. શિસ્ત, ક્ષમા અને સંસ્કારોથી પ્રાથમિક શિક્ષક તરીકે ધ્રુવના તારક સમા.. શબ્દ અને આસ્થાના આરાધક સંગઠનના સૂત્રધાર-રખેવાળ અને ગમે તેવી આંટીઘૂંટી ગૂંચોને પળવારમાં ઊકેલી શકે એવા નમ્ર નીડર સ્વમાની, બાહોશ, ધૈર્યવાન, ગરીબોના બેલી, કિસાનોના નેતા, ભકતોના સાથી ને પ્રાથમિક શિક્ષકોના મસિહા 'મોતી'ની માળામાં મોતીની જેમ સદાય ચમકતો ચહેરો- સદાય હસતા-હસાવતા, બીજાને માટે જીવતાને જેમના જીવનમાં બાદશાહી ઠાઠ-માઠથી જીવતો એક અદ્દલ મોતીની જેમ ચમકતો એક સિતારો મોતીની જેમ ચમકી રહેતા એક સમર્થ શિક્ષક એટલે મોતીભાઈ દેસાઈ.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલિસા ગામે ૨૮ ફેબ્રુઆરી ૧૯૪૫માં ગેબાભાઈ દેસાઈના પનોતા પુત્ર એટલે મોતીભાઈ દેસાઈને માતા અનળબેનનું નોખું-અનોખું મોટી એટલે મોતીભાઈ દેસા.ી



આ સનિષ્ઠ શિક્ષક-સમાજ સેવક મોતીભાઈ સાથે મારે દસ-દસ વર્ષનો સ્નેહ સભર નાતો એમની આત્મીયતાથી પ્રભાવિત થઈ એમનો આત્મીયજન બની રહેવાનું સદ્ભાગ્ય ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બળદેવભાઈ ચૌધરી થકી સાંપડ્યું. મોતીભાઈ સાથે પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મને મળતા રહ્યા છે.

આવા સનિષ્ઠ શિક્ષકના વિશે ભૂરી ભૂરી પ્રશંસાના શબ્દોરૂપી ફૂલ વેરવા છે. ઝરણામાંથી થોડું આચમન કરાવવાનો ઉપક્રમ છે.

આ કર્મઠ શિક્ષક એકવાર મનમાં ગાંઠ વાળી લે અને એ કાર્યપૂર્ણ ન થાય ત્યાં સુધી પાછું વળીને જુવે નહી.. એવી કાબિલેદાદ દેવી પડે કારણ કે એમના ઉત્સાહ, પ્રેરણા અને પુરુષાર્થના પરિપાક સ્વરૂપે શિક્ષક સંગઠનના સથવારે ગાંધીનગર શિક્ષક ભવનનું ભવ્ય નર્માણ તેમના થકી થયું જે ઊડીને આંખે વળગે તેવું એમની સતત હાજરીની પ્રતીતી કરાવે છે.

મોતીભાઈ દેસાઈ એટલે મળવા જેવા માણસ ને મોતીની જેમ એમની કર્મનિષ્ઠાથી ચમકી રહેલું મોતી.. આ મોતીભાઈ દેસાઈ ૧૨ એપ્રિલ ૨-૧૪ના રોજ હાર્ટ એટેક આવતાં પંચમહાભૂતોની માટીમાં મળી ગયા પણ પ્રાથમિક શિક્ષક- કેળવણી મંડળ, હાલિસા, રામકૃપા ટ્રસ્ટને શક્તિ મંદિર ટ્રસ્ટ ગીયોડના સાથીઓના હૃદયમાં હંમેશા જીવતા રહ્યા છે અને રહેશે.

કેળવણી મંડળ હાલિસાના પ્રમુખ પદે આગવી કેડી કંડારી અને કંઈક વિદ્યાર્થી ભાઈ-બહેનોના જીવનમાં શિક્ષણની જયોત જગાવીને અનેક વિદ્યાર્થી ભાઈ-બહેનોની શિક્ષણ સેવા થતી ગાંધીનગર-ગુજરાત અને દેશ-વિદેશમાં એમની સુગંધ ફેલાવી છે. ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના તેઓ આજીવન પ્રમુખ સમા બની રહ્યા. જયારે પણ શિક્ષકોને સંગઠનની જરૂર હોય ત્યારે સદાય તેમની પડાવે રહ્યા છે. ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષકના 'ચાણકય' ભવનના નિર્માણમાં એમનો નોંધનીય ફાળો રહ્યો છે. ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ ચંદુલાલ જોષીની સંગઠન તાકાતમાં શિરમોર રહ્યા છે. એમની આગવી પ્રતિભાથી સૂઝ-બૂઝ, વિવેકવાણી, વર્તનથી સૌને એમની છત્રછાયામાં રહેવું ગમે એવા મોતીભાઈ દેસાઈ.

હાલિસા ગામની પ્રાથમિક શાળામાં ભમ્યા. ઓલ્ડ એસ.એસ.એસી. પાસ થઈ પ્રાથમિક શિક્ષકની પીટીસી પાસ થઈ પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા. એમની પ્રેરણાથી ગામમાં અનેક ભાઈ-બહેનોને પ્રાથમિક શિક્ષકના વ્યવસાયમાં દોરી જઈ ગામની કાયાપલટ કરવામાં અગ્રેસર રહ્યા. ગામની ગિયોડની આગેવાનીમાં પણ આગળ રહ્યા. એમના અંગત મિત્રો ગિયોડના કોદરભાઈ અને રમણભાઈ, શિક્ષક સમાજના બળદેવભાઈ ચૌધરી, પી.ટી. ઠાકોર, વિક્રમસિંહ ચાવડા અને અનેક ઘણીને શકાય તેટલા અગણિત શિક્ષક દોસ્તોનું એમનું મૈત્રી વિશ્વ.

મોતીભાઈ દેસાઈ બીજાને માટે જીવ્યા, પરોપકારી, આસ્થાના શક્તિ ઉપાસક. ગિયોડ શક્તિ મંદિર અંબાજીના મંત્રી પદે જીવ્યા ત્યાં સુધી સેવાઓ આપી એના વિકાસમાં સિંહ ભૂમિકા ભજવી અને માઈ ભક્તોના હૃદયમાં અંકિત થઈ ગયા..

૧૨ એપ્રિલ ૨૦૧૪ના રોજ મોતીભાઈ દેસાઈ પંચમહાભૂતોમાં વિલીન થઈ ગયા ત્યારે તેમની પાછળ તેમની પત્ની તથા દિનેશભાઈ, વિષ્ણુભાઈ, શિવાભાઈ અને મંગીબેન એમ ચાર સંતાનોને વિલાપ કરતા મૂકી અલખમાં ઓગળી ગયા છે. પણ 'મોતી' જેવી સુકર્મો થકી પ્રાથમિક શિક્ષકોના મસિહા તરીકે, શિક્ષણ ચિંતક, ખેડૂતોના પ્રશ્નોને, વાચા આપનાર કિસાન સંગઠનમાં મહત્વનું યોગદાન આપનાર સમાજ સેવક વગેરેમાં આગવી ઓળખ ઊભી કરનાર 'મોતી' જેવા ચમકતા માણસ મોતીભાઈ દેસાઈના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી શ્રદ્ધાંજલિ અર્પુ છું. અસ્તુ.'